Letter No: WCDD/0047/01/2023 Dt: 25-01-2023

આંગણવાડી કાર્યકર/તેડાગરને પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ,૧૯૭૨ અનુસાર ગ્રેજ્યુટીની ચુકવણી કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/AMR/e-file/23/2022/0814/B1**

સચિવાલય,ગાંધીનગર.

<u>વંચાણે લીધા :</u>

1. નામ. સુપ્રિમકોર્ટના **SLP/30193/2017** તેમજ સંલગ્ન કેસોમાં આપેલ તા.૨૫/૦૪/૨૦૨૨ના રોજનો ચુકાદો.
2. ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ,૧૯૭૨

<u>પ્રસ્તાવના :</u>

સંકલિત બાળ વિકાસ યોજના(આઇસીડીએસ) ભારત સરકાર દ્વારા તા.૦૨/૧૦/૧૯૭૫ના રોજ શરૂ કરવામાં આવેલ છે. આંગણવાડી કાર્યકરો, મીની આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી તેડાગરો આઇસીડીએસ યોજના હેઠળ માનદસેવા બજાવતા હોઇ તેમજ માનદવેતન મેળવતા હોઇ પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ,૧૯૭૨ની જોગવાઇઓ લાગુ પાડેલ ન હતી. વંચાણે લીધા (૧) પરના નામ. સુપ્રીમકોર્ટના ચુકાદાથી આંગણવાડી કાર્યકરો, મીની આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી તેડાગરોના કિસ્સામાં પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ,૧૯૭૨ લાગુ પાડીને એ અનુસાર ગ્રેજ્યુટી ચુકવવા તેમજ ૧૦% વાર્ષિક દર પ્રમાણે સાદુ વ્યાજ ચુકવવા નિર્દેશ કરેલ છે. ઉક્ત ચુકાદા સામે વિભાગ દ્વારા નામ.સુપ્રિમ કોર્ટમાં **Diary No.**૨૮૧૮૬/૨૦૨૨થી રીવ્યુ પિટીશન દાખલ કરેલ છે. પરંતુ નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાની અવમાનના ન થાય એ માટે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની મંજુરી આપવામાં આવે છે.

<u>//ઠરાવ//</u>

1. નામ.સુપ્રિમ કોર્ટના તા.૨૫/૦૪/૨૦૨૨ના ચુકાદાનો અમલ કરવાની મંજુરી આપવામાં આવે છે. આંગણવાડી કાર્યકરો, મીની આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી તેડાગરોના કિસ્સામાં ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ,૧૯૭૨ની જોગવાઇઓ અનુસાર લાભો ચુકવવાની મંજુરી આપવામાં આવે છે.
2. આ મંજૂરી નામ.સુપ્રિમકોર્ટના **SLP/30193/2017** તેમજ સંલગ્ન કેસોમાં આપેલ તા.૨૫/૦૪/૨૦૨૨ના ચુકાદા સામે વિભાગ દ્વારા દાખલ કરેલ **SLP**ના રીવ્યુ પીટીશનની **Diary No.**૨૮૧૮૬/૨૦૨૨ના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. નામ. સુપ્રિમ કોર્ટ/નામ.ગુજરાત હાઇકોર્ટ/મજુર અદાલતના ચુકાદાઓને આધિન આંગણવાડી કાર્યકર/તેડાગરને અગાઉ ચુકવેલ ગ્રેજ્યુટીની રકમ બાદ બાકી નિકળતી રકમનું ચુકવણુ કરવાનું રહેશે. જ્યારે બાકીના આંગણવાડી કાર્યકર/તેડાગરને ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ,૧૯૭૨ના નિયામોનુસાર રકમ ચુકવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૦/૦૭/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(પી.બી.પંડ્યા)

સંયુક્ત સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
2. માન.મંત્રીશ્રી (ના.વિ.)ના અગંતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
3. માન.મંત્રીશ્રી (મ.બા.ક)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
4. કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસની કચેરી,૨૦-ડૉ.જીવરજ મહેતા ભવન, ગાંધીનગર
5. નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસની કચેરી, ૨૦- ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.............
7. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ......
8. તમામ નાયબ નિયામક, આઇસીડીએસ
9. તમામ જિલ્લા પ્રોગ્રામ અધિકારી, જિલ્લા પંચાયત કચેરી
10. તમામ જિલ્લા તિજોરી અધિકારી
11. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
12. નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર

Signature valid
Signed by:P B Pandya
Date: 2023.02.06
13:41:37 +05:30

File No: WCDD/AMR/e-file/23/2022/0814/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

13. સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર વેબસાઇટ ઉપર મુકવા સારું.
14. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
15. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature valid
Signed by:P P Pandya
Date: 2023.02.06
13:41:37 +05:30